# સ્ટ્રોકની સારવાર દરમિયાન હૉસ્પિટલ બદલવી



### શા માટે મને એક હૉસ્પેટલથી બીજી હૉસ્પેટલમાં લઇ જવામાં આવે છે?

- **સ્ટ્રોકની સારવાર વિશિષ્ટ હોય છે** અને તમને શ્રેષ્ઠ પરિણામ મળે તે સુનિશ્ચિત કરવા માટે તેને ચોક્કસ હૉસ્પિટલોમાં જ આપવામાં આવે છે.
- જો એવી શંકા થાય કે તમને સ્ટ્રોક આવ્યો છે તો, **સંકટાવસ્થાના મૂલ્યાંકન** અને **સારવાર** માટે તમને રીજનલ સ્ટ્રોક સેન્ટર (RSC) સુધી લઇ જવા માટે  હૉસ્પિટલો અને પેરામેડિક્સ સાથે મળીને કામ કરે છે:
  - પેરામેડિક્સ તમને સીધા એક RSC પર લઇ જઇ શકે છે અથવા તો,
  - જો તમે બીજી કોઇ હૉસ્પિટલમાં હો તો, તમને કોઇ RSCમાં લઇ જવામાં આવી શકે છે.



### રીજનલ સ્ટ્રોક સેન્ટર શું હોય છે?

- તે સંકટાવસ્થાની સારવાર માટેની એક હૉસ્પિટલ હોય છે, જે સ્ટ્રોકની ઝડપી સારવાર માટે 24-કલાકની **એક્સપર્ટ ઇમર્જન્સી સેવાઓ** પૂરી પાડે છે.
  - તેમની પાસે જરૂર પડ્યે ઉપયોગ કરી શકાય તેવા વિશિષ્ટ મૂલ્યાંકનો, દવાઓ અને પ્રક્રિયાઓ હોય છે.
  - આ સેવાઓ **જીવન બચાવી** શકે છે અથવા સ્ટ્રોકની અસર ઓછી કરી શકે છે.



### તમને આગળ રીજનલ સ્ટ્રોક સેન્ટરની જરૂર ન હોય તો, આગળ શું થશે?

- જો તમને **સ્ટ્રોક આવ્યો હોય** તો, તમને તમારા ઘરની સૌથી નજીકની સ્ટ્રોક યુનિટ ધરાવતી હૉસ્પિટલમાં લઇ જવામાં આવશે, જ્યાં તમે વિશિષ્ટ સારવાર મેળવવાનું ચાલુ રાખશો.
- જો તમને **સ્ટ્રોક આવ્યો ન હોય** તો, તમને ઘર જવા માટે રજા આપવામાં આવશે અથવા તો તમારા ઘરની નજીકની હૉસ્પિટલમાં લઇ જવામાં આવશે જે તમને જરૂરી સારવાર પૂરી પાડે છે.

### આમ કરવું શા માટે મહત્વપૂર્ણ હોય છે?

- તમને **તમારા માટે જરૂરી એવી સારવાર** પૂરી પાડી શકે તે માટે તમને તમારા ઘરની નજીકની કોઇ એવી હૉસ્પિટલમાં લઇ જવા.
- એ સુનિશ્ચિત કરવું કે સંકટાવસ્થાની સ્ટ્રોકની સારવારની જરૂર હોય તેવા અન્ય લોકો માટે રીજનલ સ્ટ્રોક સેન્ટર ઉપલબ્ધ રહે.

Toronto Stroke Networks
•Leadership •Innovation •Collaboration
Gujarati Translation

તમારી સારવાર માટે અમારા પર ભરોસો કરવા બદલ તમારો આભાર. જો તમને કોઇ પ્રશ્નો હોય તો, કૃપા કરીને તમારી હેલ્થકેર ટીમ સાથે વાતચીત કરો.